ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૨૦ ઓક્ટોબર ૨૦૨૬

# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!

## ખડાણા ટાઉન ટોક

**-: ખડાણા ગામનો પરિચય :-**

| | |
|---|---|
| ગામના કુટુંબોની કુલ સંખ્યા | 1168 |
| કુલ વસ્તી | 5481 |
| કુલ પુરૂષો | 2900 |
| કુલ સ્ત્રીઓ | 2581 |

**-: સાક્ષરતા દર :-**

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 84.64 |
| પુરૂષ સાક્ષરતા દર | 93.07 |
| સ્ત્રી સાક્ષરતા દર | 75.21 |

**-: ખેડૂતો :-**

| | |
|---|---|
| ખેડૂતો | 652 |
| ખેત મજૂર | 799 |
| સીમાંત વર્ગ | 92 |

**-: બીપીએલ :-**

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 297 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 665 |

**-: પશુધન :-**

| | |
|---|---|
| પશુધન | 3476 |
| ગાય | 1533 |
| ભેંસ | 1837 |
| અન્ય | 106 |

**-: જમીન ક્ષેત્રફળ :-**

807 હેક્ટર 76 આરે 00 ચોરસ મીટર
કાયમી ગૌચર અને ચરણ 4 હેક્ટર 55 આરે 37 ચો.મી.

**-: ખેતીપાક :-**

1. ડાંગર 2. તમાકુ
3. બાજરી 4. વિવિધ શાકભાજી

**-: શૈક્ષણિક સગવડ :-**

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 05 |
| માધ્યમિક શાળા | 01 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 01 |
| વિદ્યાર્થીઓ | 730 |

**-: પીવાના પાણીની સવલત :-**

| | |
|---|---|
| ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા | 700 |

**-: વીજળીકરણ :-**

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 1262 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 60 |
| ખેતી વિષયક જોડાણ | 89 |

**-: એલપીજી ગેસ વ્યવસ્થા :-**

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 600 |

**-: સામાજિક સુરક્ષાની વિગતો :-**

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 515 |
| BPL કાર્ડ ધારકો | 197 |
| APL કાર્ડ ધારકો | 698 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 36 |

**-: યોજનાકીય લાભાર્થીઓ :-**

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 140 |
| વિધવા સહાય | 229 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 05 |
| ઉજ્જવલા યોજનાના લાભાર્થી | 600 |




# ખડાણા : વિવિધ સમાજના સહઅસ્તિત્વ સાથે સંપ, સહકાર અને સુમેળભર્યું લોકજીવન ધરાવતું ગામ

**પેટલાદ તાલુકાનું ગામ, પરંતુ સોજીત્રા વિધાનસભા ક્ષેત્રમાં સમાવેશ | ૮૦૦ વર્ષ જૂના વસવાટની લોકવાયકા, ગ્રામ્ય પરંપરા અને સામાજિક એકતાની આગવી ઓળખ**

આણંદ જિલ્લાના પેટલાદ તાલુકામાં આવેલું ખડાણા ગામ ભૌગોલિક સ્થાન, ઐતિહાસિક લોકવાયકા અને સામાજિક સમરસતાની દૃષ્ટિએ આગવી ઓળખ ધરાવે છે. તાલુકાકીય રીતે પેટલાદ સાથે જોડાયેલું હોવા છતાં આ ગામ સોજીત્રા વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ છે, જ્યારે લોકસભાની દૃષ્ટિએ આણંદ મતવિસ્તારનો ભાગ છે. વિવિધ જ્ઞાતિ અને ધર્મના લોકો વર્ષોથી સંપ, સહકાર અને સુમેળ સાથે વસવાટ કરતા હોવાથી ખડાણા ગામનું લોકજીવન ગ્રામ્ય સંસ્કૃતિની આગવી ઓળખ ધરાવે છે.

ખડાણા ગામ આશરે ઉત્તર અક્ષાંશ ૨૨૨૭' અને પૂર્વ રેખાંશ ૭૨૪૬' પર આવેલું છે. ગામથી પેટલાદ રેલવે સ્ટેશન આશરે આઠ કિલોમીટર અને પંડોળી રેલવે સ્ટેશન લગભગ બે કિલોમીટરના અંતરે આવેલું છે. ગામની પૂર્વ દિશામાં જોગણ ગામ આવેલું છે, જ્યારે ઉત્તર અને પશ્ચિમ દિશામાં પંડોળી ગામની સીમા જોડાયેલી છે. દક્ષિણ દિશામાં પેટલાદ તાલુકાનાં કણિયા અને દંતેલી ગામની સીમાઓ આવેલી છે. ખડાણા ગામ સડક માર્ગેથી પેટલાદ, ધર્મજ, પંડોળી, દંતેલી, નાર સાથે જોડાયેલું છે. આસપાસનાં ગામો સાથેના ભૌગોલિક જોડાણને કારણે ખડાણાનું સ્થાનિક જીવન નજીકનાં ગામોની સામાજિક અને આર્થિક પ્રવૃત્તિઓ સાથે પણ સંકળાયેલું છે.

ખડાણા ગામના વસવાટ અંગે ગામના વયોવૃદ્ધ આગેવાનો દ્વારા જણાવવામાં આવતી લોકવાયકા મુજબ, આશરે ૮૦૦ વર્ષ પૂર્વે સૈયદ સમુદાયના લોકોએ ગામ વસાવ્યું હોવાનું માનવામાં આવે છે. જોકે, આ બાબતનો આધાર સ્થાનિક લોકવાયકા છે. સમય જતાં વિવિધ જ્ઞાતિ અને સમાજના લોકો અહીં આવીને સ્થાયી થયા હોવાનું સ્થાનિક લોકો જણાવે છે. આમ, લાંબા સમયગાળા દરમિયાન વિવિધ સમાજના લોકોના વસવાટથી ગામની સામાજિક રચના વધુ વૈવિધ્યસભર બની છે.

ખડાણા ગામમાં હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી અને જૈન ધર્મ પાળતા લોકો લાંબા સમયથી વસવાટ કરે છે. પાટીદાર, વણિક, ઠાકોર, ચૌહાણ, બારૈયા, પ્રજાપતિ, વાળંદ, સુથાર, ગરાસિયા, રબારી, બ્રાહ્મણ, હરિજન, વણકર, રોહિત, વહોરા, રાવળ, ભોઈ અને સૈયદ સહિતના વિવિધ સમાજના લોકો ગામના સામાજિક જીવનનો હિસ્સો છે.

વિવિધ જ્ઞાતિ અને ધર્મના લોકો એક જ ગામમાં વસવાટ કરતા હોવાથી ખડાણાની સામાજિક સંરચનામાં વિવિધતાની સાથે સહઅસ્તિત્વનું મહત્ત્વ જોવા મળે છે. પરસ્પર ઓળખાણ, સામાજિક સંબંધો, સહકારની ભાવના અને એકબીજાની પરંપરાઓ પ્રત્યેનો આદર ખડાણા ગામ માટે મહત્ત્વપૂર્ણ છે.ગામના લોકોના પરસ્પર સંબંધો અને વર્ષોથી જળવાયેલા સામાજિક સુમેળમાં પણ સ્નેહ સંપ સહકારની ભાવના સમાયેલી છે. પરસ્પર સહયોગ અને સામાજિક સંવાદથી ગામના લોકજીવનમાં એકતાની ભાવના મજબૂત બનેલી છે.

આધુનિક સમયની બદલાતી જીવનશૈલી વચ્ચે પણ ગામની સામાજિક ઓળખ, પરંપરાગત મૂલ્યો અને સામૂહિક જીવનની ભાવના જાળવી રાખી છે. વિવિધ સમાજના લોકોના લાંબા સમયના સહઅસ્તિત્વ સાથે ખડાણા ગામ આણંદ જિલ્લાની ગ્રામ્ય સંસ્કૃતિ અને સામાજિક સંવાદિતાનું નોંધપાત્ર ઉદાહરણ બન્યું છે.

# આઝાદીની લડતમાં ખડાણાના દસ સપૂતોનું અમૂલ્ય યોગદાન




**અંગ્રેજી શાસન સામેની સ્વાતંત્ર્ય ચળવળમાં ગામના ક્રાંતિકારીઓએ દેશપ્રેમની જ્યોત પ્રજ્વલિત રાખી**

પેટલાદ તાલુકાનું ખડાણા ગામ આઝાદીની લડતમાં પોતાના નોંધપાત્ર યોગદાનને કારણે ગૌરવપૂર્ણ સ્થાન ધરાવે છે. ગામના દસ જેટલા સ્વાતંત્ર્ય સેનાનીઓએ દેશને ગુલામીની બેડીઓમાંથી મુક્ત કરાવવાની ચળવળમાં સક્રિય ભાગ લઈને રાષ્ટ્રપ્રેમનું પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું હતું.



એ સમયગાળામાં અંગ્રેજ શાસન સામે અવાજ ઉઠાવવો એ સાહસ અને હિંમતની કસોટી સમાન હતું. સ્વાતંત્ર્ય સેનાનીઓએ અનેક મુશ્કેલીઓ અને પડકારો વચ્ચે આઝાદીના સ્વપ્નને સાકાર કરવા સંઘર્ષ કર્યો હતો. દેશની સ્વતંત્રતા માટેના તેમના યોગદાનમાં રાષ્ટ્રપ્રેમની ભાવના અને આવનારી પેઢીને ગુલામીમાંથી મુક્ત ભારત આપવાની મહત્ત્વાકાંક્ષા છલકાતી હતી.

ખડાણા ગામના સ્વાતંત્ર્ય સેનાનીઓમાં સ્વ. શિવાભાઈ કાળીદાસ પટેલ, સ્વ. છોટાભાઈ કિશાભાઈ પટેલ, સ્વ. રેવનદાસ સોમાભાઈ પટેલ, સ્વ. ભીખાભાઈ વહાલદાસ પટેલ, સ્વ. મોતીભાઈ ઉમેદભાઈ પટેલ, સ્વ. ફુલાભાઈ શંકરભાઈ પટેલ, સ્વ. શનાભાઈ ખુશાલભાઈ પટેલ, સ્વ. નરસિંહભાઈ નાથાભાઈ પટેલ, સ્વ. ગાંડાભાઈ ઝવેરભાઈ પટેલ અને સ્વ. મંગળભાઈ ભગવાનભાઈ પટેલનો સમાવેશ થાય છે.

આ સ્વાતંત્ર્ય સેનાનીઓનું યોગદાન ખડાણા ગામ માટે ગૌરવની વિરાસત સમાન છે. તેમની સ્મૃતિ નવી પેઢીમાં દેશપ્રેમ, રાષ્ટ્રીય એકતા અને લોકશાહી મૂલ્યો પ્રત્યેની નિષ્ઠા જગાડે છે. આઝાદીનો ઈતિહાસ માત્ર પુસ્તકોમાં જ નહીં, પરંતુ આવા ગામોના સપૂતોના સંઘર્ષ અને સમર્પણમાં પણ જીવંત છે. દેશ માટે સમર્પિત થયેલા આ સપૂતોને યાદ કરવા એ જ સાચા અર્થમાં સ્વાતંત્ર્યના મૂલ્યોનું જતન કરવા સમાન છે.

# વતનપ્રેમી દાતાઓની શૈક્ષણિક સંસ્થાઓથી લઈને ધાર્મિક સ્થળો સુધી અમૂલ્ય સખાવત




ખડાણા ગામના અનેક લોકો રોજગારી, વ્યવસાય અને ઉજ્જવળ ભવિષ્યની શોધમાં યુ.કે., અમેરિકા, કેનેડા અને આફ્રિકા સહિતના દેશોમાં સ્થાયી થયા છે. વિદેશની ધરતી પર પોતાની મહેનત અને કુશળતાથી સફળતાના સોપાનો સર કરનાર આ વતનપ્રેમીઓએ જન્મભૂમિ સાથેનો નાતો આજે પણ અખંડિત જાળવી રાખ્યો છે. ગામના વિકાસ માટે જ્યારે પણ જરૂરિયાત ઊભી થાય છે, ત્યારે તેઓ આર્થિક સહયોગ આપી પોતાની સામાજિક જવાબદારી નિભાવે છે.

ખડાણા ગામના વિકાસમાં વિદેશમાં વસતા દાતાઓનું યોગદાન પ્રેરણારૂપ બની રહ્યું છે. ગામની શૈક્ષણિક સંસ્થાઓને સહયોગ આપવાથી લઈને ધાર્મિક સ્થળોના વિકાસ અને વિવિધ સમાજોપયોગી સુવિધાઓ ઊભી કરવા સુધીના કાર્યોમાં દાતાઓની સખાવત મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ગામમાં શિક્ષણની સુવિધાઓ વધુ સારી બને, ધાર્મિક સ્થળોનો વિકાસ થાય અને ગ્રામજનોને જરૂરી પાયાની સુવિધાઓ ઉપલબ્ધ બને તેવા ઉમદા આશય સાથે તેઓ યથાશક્તિ આર્થિક સહયોગ આપે છે.

ખડાણા ગામના વિકાસમાં દાતાઓની આ ઉદારતા અન્ય લોકો માટે પણ પ્રેરણારૂપ બની રહી છે. વિદેશમાં વસતા વતનપ્રેમીઓની સખાવત અને ગ્રામજનોના સહિયારા પ્રયાસોથી ગામના વિકાસને નવી દિશા મળી રહી છે.

**ગામના દાતાઓ**

પરસોત્તમભાઈ જેઠાભાઇ પટેલ, ભાનુભાઈ ઝવેરભાઈ પટેલ, કાંતિભાઈ ઝવેરભાઈ પટેલ, અંબાલાલ ચતુરભાઈ પટેલ, રમેશભાઈ ચતુરભાઈ પટેલ, સ્વ.કનુભાઈ કાળીદાસ પટેલ, યોગેશભાઈ કનુભાઈ પટેલ, ચેતનભાઇ કનુભાઈ પટેલ, સ્વ. નટુભાઈ મોતીભાઈ પટેલ, ડો. વિનુભાઈ નરેન્દ્રભાઈ પટેલ, પ્રવીણભાઈ જેઠાભાઈ પટેલ, પૂજાભાઈ મંગળભાઈ પટેલ, સ્વ.ગોકળભાઈ હાથીભાઈ પટેલ, સ્વ. પ્રભુદાસ મૂળજીભાઈ પટેલ, વિનોદભાઈ પ્રભુદાસ પટેલ, ભરતભાઈ ગોકળભાઈ પટેલ, વિઠ્ઠલભાઈ મનોરભાઈ પટેલ, વિઠ્ઠલભાઈ છોટાભાઈ પટેલ, નવીનભાઈ પુજાભાઈ પટેલ, દૂધ ઉત્પાદક સહકારી મંડળી ખડાણા, ખડાણા ગ્રામ પંચાયત.